જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૦/૦૨/૨૦૨૦ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૭૦/૨૦૨૦**

## ચોરીના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :-**

## નિકોલ વિસ્તારમાં શ્રીરંગ અવધૂત ફેકટરીમાંથી કોપરના વાયર તથા સ્ટેટર રોટર સ્ટંપીંગની ચોરી કરનાર આરોપીઓને ઝડપી લેતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં એસ્ટેટમાં આવેલ ગોડાઉનોમાંથી ચોરીના બનાવો માં સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તથા શ્રી અજયકુમાર તોમર સાહેબ, ખાસ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમ બ્રાન્ચ નાઓની સુચના આધારે, શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓના માર્ગદર્શન હેઠળ અત્રેની શાખાના પો.ઈન્સ.શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઈ.શ્રી એસ.પી.ગોહિલ તથા સ્ટાફના માણસો દ્વારા અમદાવાદ શહેર તાજેતરમાં દાખલ થયેલા એસ્ટેટમાંથી થયેલ ચોરીઓના ગુનાઓ શોધી કાઢવા ખાસ આયોજન હાથ ધરેલ અને ખાનગી બાતમીદારોનો સંપર્ક કરી ગઈ તા.૦૧/૦૨/૨૦૨૦ ના રાત્રીના નવ વાગ્યાથી તા.૦૨/૦૨/૨૦૨૦ ના સવારના પોણા નવેક વાગ્યા દરમ્યાંન કઠવાડા ખાતે આવેલ શ્રીરંગ અવધૂત ફેકટરીમાંથી કોપરના વાયર તથા સ્ટેટર રોટર સ્ટંપીંગ નો કિરૂ.૧,૯૦,૦૦૦/- ના મુદ્દામાલની ચોરી થવા પામેલ જે અંગે નિકોલ પો.સ્ટે. ખાતે ગુનો દાખલ થયેલ જે ગુનામાં સંડોવાયેલ આરોપીઓ બાબતે ખાનગીરાહે તપાસ કરતા આ ગુનામાં એક છોટા હાથી ટેમ્પોનો ઉપયોગ થયેલ અને તેનો રજીસ્ટ્રેશન નંબર જી.જે.૧૯ એક્ષ ૫૯૭૭ નો હોવાની પાકી બાતમી હકિકત મળેલ જે આધારે આજરોજ સદર ટેમ્પો સાથે (૧) વિરેન્દ્રકુમાર હરીલાલ પાલ ઉવ.૨૧ રહે : ૪૫, અનુરાગ રેસીડન્સી, તાતી થૈયા ગામ પાછળ, પલસાણા સુરત તથા (૨) અજય સત્યકુંજ ત્રિપાઠી ઉવ.૨૮ રહે : રૂમ નં-૧૨, શાંતિનગર શાંતિ પેલેસ, બરેલી ગામ કડોદરા સુરત તથા (૩) રાજેશ ઉર્ફે બેવડા સ.ઓ. બદલુ મલ્લાહ (કેવટ) રહે :

દિપકભાઇ રબારીના મકાનમાં મહાકાળી મંદિર પાસે, ભવાની ટેકરા સોનીની ચાલી, ઓઢવ અમદાવાદના નાઓનો અટક કરવામાં આવેલ છે. અને આરોપીના કબ્જામાંથી સ્ટેટર રોટર સ્ટંપીંગની કોયલ નંગ-૩૨ જેની કિ.રૂ. ૭,૫૦૦/- તથા પ્લાસ્ટીકના કાળા, સફેદ તથા વાદળી રંગના ખાલી બોબીન નંગ-૬૫ જેની કિ.રૂ. ૧૩૦૦/- તથા પુઠાના ખાલી બોક્ષ નંગ-૨૧ છે. જેની કિ.રૂ. ૦૦/૦૦ તથા ટેમ્પો નંબર જી.જે.૧૯ એક્ષ ૫૯૭૭ મળી કુલ્લે રૂ. ૨,૫૮,૮૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓને નિકોલ પો.સ્ટે. સોપવામાં આવેલ

જે સદર આરોપીઓની પુછપરછ કરતા મોહન નામનો માણસ અમદાવાદ તથા સુરત બંન્ને જગ્યાએ આવ જા કરતો હોવાથી તેને આ જગ્યા અગાઉથી જોઇ રાખેલ હતી અને નક્કી કર્યા મુજબ પ્લાન બનાવી રાત્રીના સમયે આ ફેકટરીમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે આરોપીઓની આ પ્રકારના બીજા ગુનાઓમાં સંડોવણી છે કે કેમ? જે અંગેની તપાસ પો.ઇ.શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઇ.શ્રી એસ.પી.ગોહિલ નાઓ ચલાવી રહેલ છે.

# <u>જુગારના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>વટવા પોલીસ સ્ટેશન :-</u>**

## <u>જુગારનો  ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વટવા પોલીસ</u>

પોલીસ કમીશ્નરશ્રી આશીષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી નીપુર્ણા તોરવણે  સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપીન આહિરે સાહેબ તથા મ.પો.કમી.“જે” ડીવીઝન શ્રી આર.બી.રાણા સાહેબ નાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા સાહેબ નાઓએ સર્વેલંસ સ્કોડ પો.સ.ઇ.પી.કે.ગઢવી નાઓને વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારના કેસો શોધવા માટે આપેલ સુચના આધારે પો.સ્ટે.પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એ.એસ.આઇ.વિજયરાજસિંહ પ્રતાપસિંહ તથા અ.પો.કો.જયરાજભાઇ વલકુભાઇ નાઓની ચોક્કસ બાતમીના આધારે “અયોધ્યા એપાર્ટમેંટમા કિસકિંધા બ્લોકની નીચે ખુલ્લામા” ગંજી પાના વડે તીન પત્તીનો હારજીતનો જુગાર રમી રમાડતા આરોપીઓ (૧) વિનોદભાઇ ધુડાભાઇ ચૌહાણ (ઠાકોર) ઉવ-૪૫ રહે: ૧૦૬/કિસ્કિંધા ફ્લેટ, અયોધ્યા એપાર્ટમેન્ટ, વટવા ગામડી રોડ  વટવા અમદાવાદ શહેર મુળ : મોટો ઠાકોરવાસ, જોગણીમાતાના મંદીરની બાજુમા અસલાલી ગામ તા: દસક્રોઇ જી:  અમદાવાદ + ૦૬ = ૦૭  નાઓને તા:૦૯/૦૨/૨૦૨૦ ના કલાક ૧૬/૧૫ વાગે કુલ્લે રોકડા રૂ.૧૫૧૦૦/- તથા ગંજી પાના નંગ ૫૨ કિ.રૂ ૦૦/૦૦ તથા અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૦૭ કિ.રૂ.૧૯,૨૦૦/- કુલ્લે રૂપીયા ૩૪,૩૦૦/- નો મુદ્દામાલ. કબ્જે લઇ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે.તા-૦૯/૦૨/૨૦૨૦



## <u>દાણીલીમડા પોલીસ સ્ટેશન :-</u>

### <u>જુગારનો કવોલીટી કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતા દારૂ/જુગારના કેસો શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે પોલીસ ઇન્સપેક્ટરશ્રી એચ.એસ.ચાવડા સાહેબનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા એન.પી.ગરાસીયા પો.સબ.ઇન્સ.તથા એ.એસ.આઈ વિજયકુમાર રણછોડભાઈ બ.નં-૮૨૦૮ તથા અ.હેડ.કોન્સ કાનજીભાઈ અમીભાઈ બ.નં-૭૭૯૦ તથા અ.હેડ.કોન્સ.વિજયસિહ રજુજી બ.ન.૯૦૩૬ તથા અ.હેડ.કોન્સ મોસીન યાસીનભાઈ બ.નં-૯૧૨૫ તથા અ.પો.કો. કમલેશકુમાર હસમુખલાલ બ.નં-૬૧૭૭ તથા અ.પો.કો.રણજીતસિહ ટેમતસિહ બ.નં-૧૩૯૪ તથા અ.પો.કો ગોપાલભાઈ દેવાભાઈ બ.નં-૧૩૦૯ તથા અ.પો.કો એજાઝહુશેન સાબીરહુસેન બ.નં-૬૪૮ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના <u>અ.પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં-૬૧૭૭ તથા અ.પો.કો રણજીતસિહ ટેમતસિહ બ.નં-૧૩૯૪</u> નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ <u>નં.(૧) બાબુભાઈ ધુળાભાઈ પરમાર ઉ.વ.૪૨ રહે : હનુમાન મંદિરની ચાલી ખોડિયારનગર બહેરામપુરા દાણીલીમડા અમદાવાદ શહેર + ૦૮ = ૦૯</u> નાઓને ગંજી પાના પૈસાથી હારજીતનો જુગાર રમી રમતા ગંજી પાના કુલે નંગ-૧૦૪ કિ,રૂ.૦૦/૦૦ તથા અંગજડતીના મળેલ રોકડ નાણા રૂપિયા-૨૩૮૯૦/- તથા દાવના રૂ-૫૪૬૦/-તેમજ અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૦૬ કિ,રૂ.૪૪,૦૦૦/- મળી કુલ્લે કિ,રૂ,૭૩,૩૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ જુગારનો કવોલીટી કેસ શોધી કાઢેલ છે.

# " SHE TEAM " ની કામગીરીની વિગત

## આનંદનગર પોલીસ સ્ટેશન :-

આનંદનગર  પો.સ્ટે. ની she team દ્વારા પટેલ પી.જી.,સાનિધ્ય પી.જી.,ગજાનંદ પી.જી., શિવશકતી પી.જી.નીપા પી.જી. ની મુલાકાત લેવામાં આવી તથા પેટ્રોલીગની કામગીરી કરી.









## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :-

આજરોજ ઉમિયા નગર શાકમાર્કેટ વિસ્તારમાં એક રોમિયોને પકડેલ જેની ઉંમર ૧૭ વર્ષની હોય તેમના માતા-પિતાને બોલાવી માફી પત્ર લખાવેલ છે

"She team" મેઘાણીનગર પોલીસ સ્ટેશન



## ગાયકવાડ પોલીસ સ્ટેશન :-

આજરોજ જમાલપુર શાકમાર્કેટ વિસ્તારમાં પેટ્રોલીંગ કરતા

"She team" એ કામગીરી કરેલ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

| | | |
|---|---|---|
|  |  |  |

## એલીસબ્રીજ પોલીસ સ્ટેશન :-

આજ  રોજ રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશન ની  She ટીમ  દ્વારા એલીસબ્રીજ  નીચે ભરાતી ગુજરી બજાર માં  પેટ્રોલિંગ

| | |
|---|---|
|  |  |
|  |  |

## કાલુપુર પોલીસ સ્ટેશન :-

## સ્વામિનારાયણ મંદિર પૂર્ણિમા નિમિત્તે મહિલા સાથે મુલાકાત..







